જૂન -દિન વિશેષ

## સમાજ સુધારક વિદ્યાગૌરી નીલકંઠ



ગુજરાતના અગ્રણી સાહિત્યકાર અને સમાજસુધારક ભોલાનાથ સારાભાઇ દિવેટિયાના પૌત્રી અને જાણીતા સમાજ સુધારક મહીપતરામના પુત્ર રમણલાલ નીલકંઠના ધર્મપત્ની વિદ્યાગૌરી નીલકંઠનો જન્મ પહેલી જુન ૧૮૭૬ના રોજ વડનગરા નાગર ગૃહસ્થ પરિવારમાં થયો હતો. તેઓ ઈ.સ. ૧૯૦૧માં યુનિવર્સિટીમાં બીજા નંબરે આવી ગુજરાતના પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ બન્યા હતા. તેમણે ' ફોરમ'માં ચરિત્રાત્મક લેખોનો સંગ્રહ છે. આ ઉપરાંત ' ગૃહદીપિકા', 'નારીકુંજ', અને ' જ્ઞાનસુધા' વગેરે લેખ સંગ્રહો આપ્યા છે. ' સુધાહાસીની', ' હિન્દુસ્તાનમાં સ્ત્રીઓનું સામાજિક સ્થાન' વગેરે તેમના અનુવાદ પુસ્તકો છે. પ્રો. ધોંડો કેશવ કર્વેનું ચરિત્ર ઈ.સ.૧૯૧૬માં પ્રગટ કર્યું. ગુજરાતમાં સ્ત્રી ઉન્નતિ પ્રવૃતિમાં તેમનો હિસ્સો નોંધપાત્ર છે. શ્રી રમણભાઈ નીલકંઠના ' જ્ઞાનસુધા' ના સંપાદનમાં તેમનો અમુલ્ય ફાળો આપ્યો હતો. રમણભાઈ સાથે લખેલા કેટલાક લેખો ' હાસ્યમંદિર'માં સંગ્રહિત થયેલા છે. વિદ્યાગૌરી નીલકંઠ 30 વર્ષ સુધી ગુજરાત વિદ્યાસભમાં મંત્રીપદે રહ્યા હતા. ૧૯૨૬માં બ્રિટિશ સરકારે ' કેસરે હિન્દ' ઇલકાબથી સન્માનિત કર્યા હતા. તેમનું અવસાન સાત ડીસેમ્બર ૧૯૫૮ના રોજ થયું હતું.


## ગુજરાતની કોયલ દિવાળીબેન ભીલ



ગુજરાતી ગીતોની કોયલ તરીકે ઓળખાતી પદ્મશ્રી વિજેતા ગીત સમ્રાટ દિવાળીબેન ભીલનો જન્મ તા.૨/૬/૧૯૪૩ના રોજ અમરેલી જિલ્લાના ધારી તાલુકાના દલસાણીયા ગામમાં થયો હતો.પિતાનું નામ પુંજાભાઈ જેઓ રેલ્વેમાં નોકરી કરતા હતા.માતાનું નામ મોંઘીબહેન જેઓ ગૃહિણી હતા. દિવાળીબેન નવ વર્ષના હતા ત્યારે તેમનાં પિતાને જૂનાગઢમાં રેલ્વેની નોકરી મળતાં તેઓ જુનાગઢમાં આવીને વસ્યા હતા. બાળપણથી જ લોકગીતો, ભજનો અને ગરબા ગાવાનો ખૂબ જ શોખ હતો. તેમનો કંઠ મધુર હતો. દિવાળીબેન ભણ્યા ન હતા.અભણ હોવા છતાં દવાખાનામાં કામવાળી, તેડાગર તથા નર્સોને રસોઈ બનાવવાની જેવા કામો ક્યારેય નાનપ અનુભવી નહોતી. દિવાળીબેનના લગ્ન રાજકોટમાં કર્યા હતા પરંતુ તેમના પિતાને વેવાઈ સાથે અણબનાવ થતાં દિવાળીબેને લગ્ન તોડી નાખ્યા ત્યારપછી તેમણે ક્યારેય લગ્ન કર્યા નહોતા. ઈ.સ. ૧૯૫૨માં જુનાગઢમાં ગરબીમાં ગઈ કારકીર્દીની શરૂઆત કરી હતી. તેમની વણઝારી ચોકની ગરબી લોકોમાં ખૂબ જ પ્રિય બની ગઈ હતી. નવરાત્રીના સમયે આકાશવાણીના ડાયરેક્ટર અને ગાયક સ્વ. હેમુ ગઢવીએ આકાશવાણીમાં રેકોર્ડીંગ કરવાનું કહ્યું. આમ માત્ર પંદર વર્ષની નાની વયે સૌપ્રથમ રેકોર્ડીંગ કરવામાં આવ્યું. સ્ટેજ કાર્યક્રમોમાં પ્રાણલાલ વ્યાસ સાથે સૌથી વધારે ગીતો તેમણે ગાયા હતા. તેમને

અભણ હોવા છતાં ૧૦૦૦ થી વધારે ગીતો કંઠસ્થ હતા. તેમની સાદગી અને સ્ટેજ પર તેમની મર્યાદા અનેક મહિલા કલાકારો માટે પ્રેરણારૂપ હતી. તેમના અત્યંત લોકપ્રિય ગીતોમાં ' મારે ટોડલે બેઠો મોર ક્યાં બોલે...' , " પાપ તારૂ પ્રકાશ જાડેજા', હું તો કાગળીયા લખી લખી થાકી ...' , ' ઝીણાં મોર બોલે છે લીલી નાઘેરમાં' અને ' રામનાં બાણ વાગ્યા..' જેવા અનેક યાદગાર હતા. 'ઈ.સ. ૧૯૯૦માં પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત થયેલ દિવાળીબેન ભીલને લોકનાયક હેમુ ગઢવીના પ્રથમ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. લોકગીતો અને લોકસંગીતને લોકપ્રિય બનાવનાર દિવાળીબેન ભીલનું ૧૯મી મે ૨૦૧૬ના રોજ અવસાન થયું. તેમના અવસાન થવાથી ગુજરાતને ક્યારેય ન પુરાય તેવી ખોટ પડશે. ગુજરાતી લોકસંગીતની દુનિયાનો એક સિતારો કાયમ માટે અસ્ત થઇ ગયો.

## યોગીજી મહારાજ



સમાજમાં સતત ઉત્સાહ અને નવી ચેતના જગાડનાર મહાન વિભૂતિ યોગીજી મહારાજનો જન્મ તા. ૩/૬/૧૮૯૨ના રોજ ધારી ગામમાં એક સામાન્ય ખેડૂત પરિવારમાં થયો હતો. પિતાનું નામ દેવચંદભાઈ અને માતાનું નામ પૂરીબાઈ હતું. બચપણનું નામ ' ઝીણો' હતું. પોતાના પ્રેમાળ વ્યક્તિત્વથી લાખો લોકોના હૃદયમાં સમ્રાટ બની ગયા છે. તેઓએ પોતાના શરીરની પરવા કર્યા વિના દેશ વિદેશમાં ઘરે ઘરે , ગામડે ગામડે અવિરત વિચરણ કરીને લાખો આબાલવૃદ્ધના જીવન સંભાળ્યા.તેમણે લાખો લોકોના વ્યસનો, વહેમ અને અંધશ્રધ્ધાની નાગચૂડમાંથી મુક્ત કર્યા.પવિત્ર અને શાંતિમય જીવનના માર્ગે વાળ્યા. એમના નિસ્વાર્થભાવે યુવાનો અને બાળકોને ધર્મ તરફ વાળ્યા. આજીવન ભેખ ધરીને સંસ્કારધામો અને મંદિરોના નિર્માણ ઉપરાંત શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૭૦માં યોગીજી મહારાજે લંડનમાં પ્રથમ સ્વામીનારાયણ મંદિરની સ્થાપના કરી. આ ઉપરાંત ગુરૂકુળ, છાત્રાલય જેવા શૈક્ષણિક સંકુલોની સ્થાપના કરી. અનેક ધાર્મિક મહોત્સવ અને અઠવાડિક સભાઓ કરીને લાખો આબાલવૃદ્ધને આધ્યાત્મિક ગોષ્ઠિઓનું આયોજન કર્યું. યોગીજી મહારાજ પ્રેમાળ વ્યક્તિત્વથી લાખો લોકોના હૃદયમાં હૃદયસમ્રાટ બની રહ્યા હતા.પોતાના શરીરની પરવા કર્યા વગર દેશ વિદેશમાં ઘરે ઘરે , ગામડે ગામડે , શહેરે શહેરે અવિરત વિચરણ કરીને લાખો આબાલ્વૃધ્ધના જીવન સંભાળ્યા. સમાજમાં સતત ઉત્સાહ નવી ચેતના, નવી જાગૃતિમાં સ્પંદનો પ્રસરાવ્યા હતા. વ્યક્તિગત રીતે લોકોને મળી વ્યસનો- વહેમ- અંધશ્રધ્ધાની નાગચૂડમાંથી મુક્ત કર્યા. પવિત્ર અને શાંતિમય જીવન તરફ વાળ્યા. યુવાનોને શક્તિઓને તેમણે બાળ પ્રવૃતિઓના રચનાત્મક કાર્યમાં વાળ્યા.

## ડૉ.પ્રમોદચંદ્ર પાઠક

ગુજરાતના સંસ્કૃત પુરૂષ પોતાની અદ્વિતીય સર્જનાત્મક શક્તિ વડે ગુજરાતના નાટ્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન આપનાર નાટ્યવિદ પ્રમોદચન્દ્રપાઠકની ચોથી જૂન ૨૦૦૨ના રોજ પૂણ્યતિથી છે. ગુજરાતના

સાહિત્યકારમાં નર્મદ, નંદશંકર કે નવલરામનું જેટલું મહત્વ છે તેટલું જ મહત્વ ગુજરાતના નાટ્યક્ષેત્રે ડૉ. પ્રમોદચન્દ્ર પાઠકનું છે. બચપણથી જ નાટ્યક્ષેત્રે ખૂબ જ લગાવ હતો. તેમના પિતા બાલકૃષ્ણ વીરભદ્ર પાઠકજી નાટકના ખૂબ જ શોખીન હતા. અને આ સંસ્કારો તેમને વારસામાં મળેલા હતા. ડૉ. પ્રમોદચન્દ્ર પાઠકનો જન્મ તા. ૧૪મી ફેબ્રુઆરી ૧૯૦૨ના રોજ થયો હતો. માત્ર આઠ વર્ષની નાની વયે ઈ.સ. ૧૯૧૧માં બાળ કલાકાર તરીકે ‘ અમરસત્ર’ નાટકમાં કરેલો અભિનય ખૂબ જ પ્રશંસનીય હતો. તેમણે નાટકોમાં નાટ્ય દિગ્દર્શકની તેમ જ અભિનયની સર્વત્ર પ્રશંસા થતી હતી. તેઓ નાટકમાં અભિનેતા, હાસ્યકલાકાર , ખલનાયક તેમ જ ઐતિહાસિક પાત્રોની ભૂમિકા ખૂબ જ સફળતાપૂર્વક અભિનય કર્યો હતો. તેમણે ‘ દેડકાની પાનછેરી’, ‘ કૃષ્ણાકુમારી’ (૧૯૩૪), જયાજયંત (૧૯૩૫), બે ખરાબ જણ’(૧૯૩૮) વગેરે નાટકોમાં દિગ્દર્શક તરીકે કામ કર્યું. તેમ જ તે નાટકોમાં અભિનય પણ કર્યો. આ નાટકોમાં ર.વ.દેસાઈનું લખેલ ‘ શક્તિહૃદય’ (૧૯૩૭) નાટકના મુખ્ય પાત્ર ભજવવા બદલ તેમણે શ્રેષ્ઠ અભિનેતા તરીકે સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. આ ઉપરાંત ગુજરાત ગૌરવ એવોર્ડ, ગુર્જર રત્ન, માનદ્ ડોકટરેટ તથા ગુજરાત રાજ્ય નાટ્ય સ્પર્ધા જેવા અનેક પારિતોષિક મળેલ છે. જયા જયંત નાટક ગુજરાતનું સૌ પ્રથમ નાટક હતું જેમાં એક સ્ત્રી જાતે સ્ટેજ પર આવી હોય અને સ્ત્રી પાત્ર ભજવ્યું હોય અને આ સ્ત્રી પાત્ર તે જાણીતી સમાજસેવિકા અને શિક્ષણશાસ્ત્રી શ્રીમતી કુમુદબેન દેસાઈ હતા. ઈ.સ.૧૯૪૯માં ‘ ખૂબસુરત બલા’ નાટકનું દિગ્દર્શક રજુ કર્યું અને તેમાં અભિનય કર્યો. આ નાટક ખૂબ જ પ્રશંસનીય હતું. આ નાટક કાશ્મીરના પ્રશ્ન પર આધારિત છે.

ડૉ. પ્રમોદચન્દ્ર પાઠકજી ગુજરાતના જુદા જુદા શહેરોમાં જુદી જુદી નાટ્ય સંસ્થામાં દિગ્દર્શક તરીકે માર્ગદર્શક આપતા હતા. નાટ્ય દિગ્દર્શક હોવા ઉપરાંત તેઓ શાસ્ત્રીય સંગીતના પણ જ્ઞાતા હતા. શાસ્ત્રીય રાગ પરથી આધારિત ગીતો ગાતા હતા. આ ઉપરાંત તેઓ સારા ચિત્કાર અને કાર્ટૂનિસ્ટ પણ હતા. બહુમુખી પ્રતિભા ધરાવતા ડૉ. પ્રમોદચન્દ્ર પાઠકનું અવસાન ચોથી જુન ૨૦૦૨ના રોજ થયું હતું.

## ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ





હેતુ: લોકો પર્યાવરણની સુરક્ષાના કાર્યમાં સહભાગી બને તે માટે વૈશ્વિકસ્તરે જાગૃતિ ફેલાવવાનો છે.

- ૧૯૭૨ના સ્ટોકહોમ ખાતે સમગ્ર વિશ્વના પ્રતિનિધિઓ પર્યાવરણની જાળવણી માટે પ્રથમ સંમેલન આયોજન થયું. તેમાં ૧૧૯ દેશોએ ભાગ લીધો. પર્યાવરણની જાળવણી માટે જાહેરનામું બાહર પાડવાના ભાગરૂપે સંયુકત રાષ્ટ્ર દ્વારા વિશ્વભરમાં ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ ઉજ્વવાનું નક્કી થયું.
- ૫ જૂન ૧૯૭૪થી પ્રથમ વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણીની શરૂઆત સ્વીડનની રાજધાની સ્ટોકહોમમાં થઈ હતી.

- વિશ્વમાં પ્રકૃતિના સરંક્ષણની શરૂઆત સર્વપ્રથમ ત્રીજી સદીમાં સમ્રાટ અશોકે કરી હતી. પ્રકૃતિના મહત્વને સ્વીકારતા વન્ય જીવજંતુઓના શિકાર પર પ્રતિબંધ અને રક્ષણના નિયમો તેમના શિલાલેખમાં જોવા મળે છે.
- પર્યાવરણને કારણે જીવજંતુઓ અને માનવજીવન શકી બન્યું છે. પર્યાવરણના જતન માટે દરેક વ્યક્તિએ તેનું યોગદાન આપવું જોઈએ.
- ગ્રીન-હાઉસ ઇફેક્ટ, ગ્લોબલ વોર્નિંગ, ક્લાઇમેન્ટ ચેન્જ વગેરે પર્યાવરણીયની વૈશ્વિક કક્ષાની સમસ્યાઓ છે.
- ૫ જૂન ૨૦૨૦ વિશ્વ પર્યાવરણ દિવસની થીમ – જૈવ વિવિધતા ( Celebrate Biodiversity) ની હતી.
- ભારતમાં પર્યાવરણીય સરંક્ષણ માટે ૯ નવેમ્બર ૧૯૮૬ના રોજ પર્યાવરણીય સુરક્ષા કાયદો અમલમાં આવ્યો.
- પર્યાવરણ એટલે આપણી આજુબાજુનું વાતાવરણ. આ વાતાવરણમાં જો સંતુલન ખોરવાય તો સમગ્ર જીવસૃષ્ટી માટે જીવન ખતરારૂપ નીવડે. કુદરતી પ્રકૃતિ જેવી કે સમગ્ર માનવજીવન સાથે સંકળાયેલ તમામ સજીવો, વૃક્ષો, વનરાજી, નદી અને પર્વતોનું માનભર્યું સ્થાન છે. પરંતુ માનવ પ્રગતિના નામે પોતાના સ્વાર્થ ખાતર પ્રકૃતિને દૂષિત કરી સ્વયં સર્વનાશ તરફ દોટ મૂકી રહ્યા છીએ. જેનાથી માનવજીવન અને તમામ સજીવ સૃષ્ટિનું જીવન ખતરારૂપ થયું છે. COVID-19ની મહામારીમાં ઓક્સિજનની અછતને પગલે ઘણા દર્દીઓ મોતને ભેટ્યા છે તો વધુ વૃક્ષો વાવી તેનું જતન કરી પર્યાવરણ બચાવીએ


## સમ્રાટ હર્ષવર્ધન




પ્રાચીન યુગના અંતિમ મહાન હિંદુ સમ્રાટ હર્ષવર્ધન નો જન્મ તા. ૫/૬/૫૯૦ના રોજ પુષ્પભૂતિ વંશમાં થયો હતો. પિતાનું નામ પ્રભાકરવર્ધન અને માતાનું નામ યશોમતી દેવી હતું. તેમના પિતા પ્રભાકરવર્ધનનું અવસાન થતાં બંગાળના રાજા શશાંકે આક્રમણ કર્યું અને હર્ષવર્ધનના મોટાભાઈ  રાજ્યવર્ધનને મારી નાખ્યો તથા તેમની બહેન રાજ્યશ્રીને કેદ કરી હતી. આવા સંજોગોમાં માત્ર ૧૪ વર્ષની નાની વયે હર્ષવર્ધન યુદ્ધ કરી તેણે ઉત્તર ભારતના મોટાભાગના રાજાઓને તાબે કર્યા અને પોતાની સત્તા સ્વીકારવાની તેમણે ફરજ પડી. ઈ.સ. ૬૦૬માં માત્ર ૧૬ વર્ષની નાની વયે હર્ષવર્ધન  થાણેશ્વરના શાસક બન્યા. હર્ષવર્ધન માત્ર વિજેતા જ ન હતો તે કુશળ વહીવટકર્તા પણ હતા. તેની રાજ્ય વ્યવસ્થા મજબૂત અને કાર્યક્ષમ હતી. આ ઉપરાંત તે દાનેશ્વરી, ધર્મસહિષ્ણુ , વિદ્યાપ્રેમી અને સાહિત્ય રસિક રાજા હતો. મોટાભાગના ઇતિહાસકારોએ તેને ' પ્રાચીન ભારતનો છેલ્લો મહાન રાજા કહીને બિરદાવ્યો હતો. હર્ષકાલમાં ભારતની રાજકીય, આર્થિક, સામાજિક અને ધાર્મિક સ્થિતિ એકંદરે સારી હતી. પ્રજા સુખી અને

આબાદ હતી. લોકો સાદા, પ્રામાણિક અને ખાનદાન હતા. કાદંબરીના રચયિતા બાણભટ્ટ સમ્રાટ હર્ષના દરબારનો રાજ કવિ હતો. આ ઉપરાંત તેના દરબારમાં કવિ મયૂર, માતંગ, દિવાકર, જયસેન અને હ્યું-એન-ત્સાંગ વગેરે મહાન વિદ્વાનો તેના દરબારમાં સ્થાન પામ્યા હતા. એ જ બાબત તેમની વિદ્વતા અને સંસ્કારિતા પુરવાર કરે છે. અંજતાની ગુફાઓમાં આલેખાયેલ ભીંતચિત્રો તથા બાઘના ભીંતચિત્રો તે સમયની વેશભૂષાનો પરીચય કરાવે છે. હર્ષવર્ધન થાણેશ્વર જેવા એક નાનકડા રાજ્યને વિજયો દ્વારા વિશાળ સામ્રાજ્યમાં ફેરવી નાખ્યું. સમગ્ર ઉત્તર ભારતનો મહાન સમ્રાટ બન્યો તેથી તે ' ઉત્તરાયથેશ્વર' તરીકે ઓળખાતા હતા. તે પોતે સાહિત્યકાર પણ હતો. તેમણે ' નાગનંદ', ' રત્નાવલી' અને ' પ્રિયદર્શિકા' એમ ત્રણ નાટકો લખ્યા હતા. પ્રાચીન ભારતના છેલ્લા સ્મ્રાતનું ઈ.સ.૬૪૮માં અવસાન થયું ત્યારપછી સામ્રાજ્યનો અંત આવ્યો.

## ભાઇલાલભાઈ પટેલ



વલ્લભવિદ્યાનગરમાં વિદ્યાસંકુલ ઊભું કરનાર એક નિષ્ઠાવાન લોકસેવક, પ્રમાણિક રાજકારણી અને કુશળ ઈજનેર ભાઈલાલભાઈ પટેલનો જન્મ તા. ૬/૬/૧૮૮૮ના રોજ ખેડા જીલ્લાના સોજીત્રા ગામમાં થયો હતો. પિતાનું નામ દ્યાભાઈ હતું. આર્થિક મુશ્કેલીઓમાં મેટ્રીકની પરીક્ષા પાસ કરી વડોદરા કોલેજમાં તેમણે પ્રવેશ મેળવ્યો. અને ત્યાંથીજ એન્જીનિયરીંગનો અભ્યાસ કર્યો. શરૂઆતમાં વડોદરા રાજ્યમાં અને ત્યારપછી બ્રિટીશ સરકારની નોકરી કરી. નોકરી દરમિયાન પણ તેમની કારકિર્દી ઝળહળતી હતી. નિવૃત્તિ થઇ અમદાવાદ મ્યુનિસિપાલીટી માં ત્રણેક વર્ષ સુધી સેવાઓ આપી. આ દરમિયાન કેટલાક પાયાના પ્રશ્નો હલ કર્યા એટલું જ નહિ પણ મ્યુનિસિપાલિટીના તંત્રમાંથી તુમારશાહી દૂર કરી શહેરના વિકાસમાં અંતરાયરૂપ એવા બાદશાહના સમયમાં પાકા કોટ-દરવાજા જેમના તેમ રાખી દીવાલો તોડવાનો મહત્વની નિર્ણય લીધો. તેનાંઅઢળક રોડાંનો ઉપયોગ કરીને નવા રસ્તા બાંધવામાં કર્યો. પરંતુ વાસ્તવમાં ભાઈકાકાની વિરાટ શક્તિ માટે આ ક્ષેત્ર ઘણું નાનું હતું. એમની વિશાલ દ્રષ્ટિ કોઈક મોટું સ્વપ્ન સેવીને તેને સિદ્ધ કરવાની દિશામાં હતી. તેઓ પ્રખર બુદ્ધિશાળી અને કુશળ ઈજનેર હતા. તેમના જીવનનું સૌથી મહત્વનું કાર્ય એ આણંદ પાસે ' વલ્લભવિદ્યાનગર'ની સ્થાપનાનું હતું. અને આ અભિગમને સાકાર કરવા તેમણે પ્રયત્નો કર્યા. આ પ્રયત્નો થકી ૧૩ ફેબ્રુઆરી ૧૯૪૯ના રોજ આણંદ ખાતે ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલજી વિદ્યાનગરનો પાયો નંખાયો. સ્વયંસંપૂર્ણતાના સિધ્ધાંત પર ગ્રામ જનતાના હિત માટે રચાયેલી આ ગ્રામ વિદ્યાપીઠ છે. ગાંધીજીના આશીર્વાદ અને સરદાર પટેલના સબળ ટેકાથી ગુજરાતની પ્રથમ ઈજનેરી કોલેજનું નિર્માણ થયું. ભાઈલાલભાઈ પ્રજામાં ' ભાઈકાકા'ના નામે લોકપ્રિય હતા. વલ્લભવિદ્યાનગરના ઉપકુલપતિ તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. એકલે હાથે આવું વિરાટ કાર્ય

gnanbhandar.com

હાથ ધરનાર ભાઈકાકાનું શિક્ષણ સંસ્કાર ક્ષેત્ર એક આગવું પ્રદાન છે. તેમણે ઈ.સ.૧૯૫૫માં સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપના કરી હતી. અને તેના પ્રથમ કુલપતિ તરીકે સેવા પણ આપી હતી. આ ઉપરાંત ગુજરાત રાજ્યના વિરોધ પક્ષના નેતા તરીકે ઈ.સ. ૧૯૬૨ થી ૧૯૬૮ સુધી સેવા આપી હતી.તેમનું ૩૧ માર્ચ ૧૯૭૦ના રોજ અવસાન થયું.

## મહારાણા પ્રતાપ



ભારતની મોગલ સલ્તનત સામે રણશિંગું ફૂંકનાર ચિત્તોડના રાજવી મહારાણા પ્રતાપનો જન્મ તા. ૭/૬/૧૫૩૯નાં રોજ થયો હતો. મહારાણા ઉદયસિંહના સૌથી મોટા પુત્ર હતા. મેવાડના રાજા તરીકે ઓચિંતા તેમનો રાજ્યાભિષેક થયો હતો. મેવાડનો અડધો ભાગ મુગલ સમ્રાટ અકબરના કબજામાં હતો. તે જ્યાં સુધી નહિ મળે ત્યાં સુધી રાજભવનમાં પગ નહિ મુકવાની તથા રાજાનો તાજ અને પહેરવેશ ન પહેરવાના સોગંધ લીધા હતા. મહારાણા પ્રતાપ પ્રતિજ્ઞા લીધી કે હું ઝૂંપડીમાં રહી જમીન પર સૂઈ અને માટીનાં વાસણોમાં જમીશ , જ્યાં સુધી સ્વતંત્રતા નહિ મળે ત્યાં સુધી સંઘર્ષ કરીશ. તેઓ અરવલ્લીના જંગલોમાં ગયા તે પછી મોગલ સમ્રાટે તેમને સમજાવ્યા ઘણા પ્રયત્નો કર્યા પણ તેમના નિર્ણયમાં અડગ રહ્યા હતા. પરિણામે હલ્દીઘાટી મેદાનમાં અકબરની વિશાળ સેના સાથે યુદ્ધ થયું. ઘમાસાણ યુધ્ધમાં મહારાણા પ્રતાપ ઘવાયા. તેમાં તેમનો ઘોડો ‘ ચેતક’ ઘાયલ થયો અને અવસાન થયું. તેમનો ભાઈ શક્તિસિંહ મહારાણા પ્રતાપને સુરક્ષિત જગ્યાએ લઇ ગયા. ત્યારપછી જીવનના ખૂબ જ કપરા દિવસોમાંથી પસાર થવું પડ્યું. બાળકો અને પત્નીને ખાવાનું પણ ન આપી શકે એ સ્થિતિમાં મૂકાઈ ગયા. છેવટે ૨૫ હજાર સૈનિકોને ૧૨ વર્ષ સુધી ચાલે તેટલું ધન મહારાણા પ્રતાપના ચરણે  તેમનો પુરાનો સચિવ ભામાશાહ નામના એક શ્રીમંતે ધરી દીધું. ત્યારપછી ફરી સેના એકત્ર કરી અને અકબર સાથે પોતાનો સંઘર્ષ ચાલુ રાખ્યો. અંતે ૩૨ કિલ્લો જીતી મેવાડને સ્વતંત્રતા મળી.પરંતુ મહારાણા પ્રતાપ ગંભીર રીતે ઘાયલ થતાં તેમનું અવસાન થયું. ચિત્તોડગઢ ન જીતાયું જેનો અફસોસ તેઓ અવસાન પામ્યા ત્યાં સુધી તેમને રહ્યો હતો. દુશ્મનો પણ જેની વીરતા,સત્ય, ટેકીલાપણું, પ્રતિષ્ઠાની કોઈપણે ભોગે જાળવણી અને સર્વ રાજપૂત રાજાઓના માટે પ્રેરક વ્યક્તિત્વ હતું.

## ફિલ્મ અભિનેત્રી ડીમ્પલ કાપડિયા



હિન્દી ફિલ્મ અભિનેત્રી ડિમ્પલ કાપડીયા નો જન્મ તા. ૮/૬/૧૯૫૭ના રોજ પૂણેમાં થયો હતો. પિતાનું નામ ચુનીલાલ અને માતાનું નામ રહેમત જે ખોજા મુસ્લિમ હતા. તેમનું મૂળ વતન રાજકોટ પાસે આવેલા ચોટીલા હતું. તેમના પિતા ચુનીલાલ એક મુસ્લિમ યુવતી રહેમત સાથે લગ્ન કરવાથી પરિવારમાં વિરોધ થવાને કારણે અલગ થઈને પોતાનો ધંધો શરૂ કર્યો હતો.લગ્નના બીજા વર્ષે દીકરી ડિમ્પલ નો જન્મ થયો. તેના જન્મ પછી ધંધો ખૂબ વિકસ્યો હતો. તેઓ ફિલ્મસ્ટારો રહેતા તે વિસ્તારમાં રહેવા આવી ગયા આથી ફિલ્મસ્ટારો સાથે એ પરિચયમાં આવ્યા. ડિમ્પલ દેખાવે ખૂબ જ

સુંદર હતી. તે સાતમાં ધોરણમાં હતી ત્યારથી નૃત્ય સ્પર્ધામાં ભાગ લેતી થઇ અને ઇનામો જીતતી હતી. એક નિર્માતા દિગ્દર્શકની પત્નીએ તેના પિતાને માહિતી આપી કે ઋષિકેશ મુખર્જી પોતાની એક ફિલ્મમાં (ગુડ્ડી) માટે એક નાની ઉંમરની હિરોઈનની શોધમાં છે પણ ચુનીલાલ પોતાની દીકરી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં મોકલવાની ઈચ્છા નહોતી. પણ તે નિયતિને મંજુર નહોતું આ સમયગાળા દરમ્યાન રાજકપૂર એક ફિલ્મ બનાવી રહ્યા હતા જેમાં પોતાનો પુત્ર રીશીક્પૂર હીરો તરીકે અને તેની સામે એક હિરોઈનની શોધ ચાલી રહી હતી.એક લગ્ન સમારંભ દરમ્યાન રાજકપૂર સાથે ચુનીલાલ પરિવારને મળવાનું થયું. આ દરમ્યાન ડિમ્પલનો ' કલ,આજ ઔર કલ' નાં સેટ પર ડિમ્પલનો સ્ક્રીન-ટેસ્ટ લેવાયો અને પ્રથમ પ્રયત્ને જ પસંદ થઇ ગઈ. ડિમ્પલ ત્યારે ચૌદ વર્ષની હતી. ઈ.સ. ૧૯૭૩માં ' બોબી' ફિલ્મ પ્રીમિયર શોના પ્રથમ દિવસે ડિમ્પલ સ્ટારપદ સુધી પહોંચ ગઈ.

## કિરણ બેદી



ભારતના પ્રથમ આઈ પી એસ મહિલા અધિકારી અને મેગ્સેસ એવોર્ડ વિજેતા કિરણ બેદીનો જન્મ તા. ૯/૬/૧૯૪૭ના રોજ પેશાવર ( હાલ પાકિસ્તાન )માં થયો હતો. પિતાનું નામ પ્રકાશભાઈ પેશાવરીયા હતું. તેઓ બચપણથી અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી હતા. માતાપિતા પાસેથી ધાર્મિક સંસ્કારો મળ્યા હતા. અમૃતસરની કોન્વેન્ટ સ્કૂલમાંથી શાળાનું શિક્ષણ મેળવ્યું. રાજ્નીતીશાસ્ત્રના વિષય સાથે સ્નાતકની પદવી મેળવી હતી. કોલેજના અભ્યાસકાળ દરમ્યાન કિરણને એન.સી.સી ના ' બેસ્ટ કેડેટ' તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. રાજનીતિશાસ્ત્ર વિષય સાથે એમ.એ પ્રથમ નંબરે પ્રાપ્ત કર્યો હતો. ઈ.સ.૧૯૭૨ના વર્ષમાં કિરણ બેદી આઈ.પી.એસ ( ભારતીય પોલીસ સેવા)પરીક્ષા પ્રથમ નંબરે પાસ કરી દેશની પ્રથમ મહિલા આઈ.પી.એસ અધિકારી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ઈ.સ. ૧૯૯૩માં દિલ્લીની ખૂનખાર તિહાર જેલનો ચાર્જ સંભાળ્યો. સેવાકાળ દરમ્યાન જેલની સુવિધામાં અનેક સુધારા કર્યા અને કેદીઓનો સ્નેહ જીતી લીધો હતો. તેમની આગવી સૂઝ અને વિશિષ્ટ કાર્યપ્રણાલી દ્વારા તિહાર જેલની કાયાપલટ કરી નાખી. ઈ.સ. ૧૯૯૪માં ફિલીપાઈન્સની રાજધાની મનાલીમાં એમને વિશ્વવિખ્યાત ' રેમન મેગ્સેસ ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ એવોર્ડ પ્રાપ્ત કરનાર વિશ્વના તેઓ પ્રથમ મહિલા પોલીસ અધિકારી હતા. ઈ.સ. ૧૯૭૫માં તેમને ' વુમન ઓફ ધ ઈયર'ના ખિતાબથી સન્માનિત કરવામાં આવ્યા. આ ઉપરાંત નશામુક્તિના વિષયમાં સંશોધન કરી ડોકટરેટની ડીગ્રી પણ તેમણે પ્રાપ્ત કરી હતી. પોતાના તિહાર જેલના અનુભવો વિષે પુસ્તક લખ્યું છે. તિહાર જેલના ખૂંખાર કેદીઓ પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ દ્વારા ગુનાહિત ભાવના દૂર કરી સારા નાગરિક બનાવી સર્જનાત્મક પ્રવૃતિઓ તરફ વાળવાનું ભગીરથ કાર્ય તેમણે કરી બતાવ્યું હતું. ગયા મે માસમાં ભારત સરકારે પોંડિચેરીના ઉપરાજ્યપાલ તરીકે નિમણૂંક કરી છે.

## રામપ્રસાદ બિસ્મિલ




બ્રિટિશ સામ્રાજય સામે સંઘર્ષ કરનાર ભારતીય ક્રાંતિકારી રામપ્રસાદ બિસ્મિલનો જન્મ ૧૧ જૂન ૧૮૯૭ના રોજ ઉત્તરપ્રદેશના શાહજહાંનપુરમાં થાઓ હતો. પિતાનું નામ મુરલીધર હતું જેઓ શાહજહાંપુર નગરપાલિકામાં કામ કરતાં હતા. બિસ્મિલ હિન્દી ભાષા તેમના પિતા પાસેથી શીખી હતી જ્યારે ઉર્દૂ ભાષાનું જ્ઞાન તેમણે મૌલવી પાસેથી મેળવ્યું હતું. પિતાની મરજી વિરુદ્ધ તેમણે અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૮ વર્ષની યુવાસ્થાથી જ તેઓ ક્રાંતિકારી પ્રવૃતિઓમાં જોડાયા હતા. તેમણે ક્રાંતિકારી લાલા હરદયાળના સહયોગી તથા વિદ્વાન પરમાનંદની મોતની સજા વિષે સાંભળ્યું. આર્યસમાજના મંદિરમાં પરમાનંદના મિત્ર સોમદેવ સાથે મુલાકાત થઈ. મોતની સજા વિષે સાંભળ્યા બાદ ટેમેન હિન્દી ભાષામાં રચેલી કવિતા 'મેરા જન્મ' સોમદેવને વંચાવી. બિસ્મિલે અન્ય ક્રાંતિકારીઓ સાથે મળીને ક્રાંતિકારી સંગઠન ' હિંદુસ્તાન રિપબ્લિક એસોશિએશન'ની સ્થાપના કરી. જે પાછળથી હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિક એસોશિએશન નામથી જાણીતી બની. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ સશકત ક્રાંતિ દ્વારા ભારતને સ્વરાજ અપાવવાનો હતો. આ સંસ્થાના સક્રિય સભી તરીકે સંગઠન માટે ફાળો એકત્ર કરવા માટે સરકારી ખજાનની લૂંટ કરીને મેળવવામાં આવતો હતો. તેઓ ૧૯૨૫ની કાકોરી ટ્રેન લૂંટ ઉપરાંત તેઓ બીચપુરી અને મેનપુરી ષડયંત્રમાં સામેલ હતા. ૯ ઓગસ્ટ ૧૯૨૫ના રોજ કાકોરી ટ્રેન લૂંટ કાંડના કેસમાં બિસ્મિલ, અશફાક ઉલ્લાખાન , ઠાકુર રોશનસિંહ અને રાજેન્દ્રનાથ લાહિડીને ફાંસીની સજા થઈ અને ૧૯ ડિસેમ્બરના દિવસે ગોરખપુર જેલમાં રામપ્રસાદ બિસ્મિલને ફાંસી આપવામાં આવી. આ મહાન ક્રાંતિકારીને કોટિ કોટિ વંદન.

## ૧૨ જૂન વિશ્વ બાળમજૂરી વિરોધી દિવસ




વિશ્વ મજૂર સંગઠન (International Labour Organization) દ્વારા દર વર્ષે 12 જૂન બાળમજૂરી વિરોધી દિવસ ઉજવાય છે.

- વર્ષ 2002થી દર વર્ષે 12 જૂન બાળમજૂરી વિરોધી દિવસ શરૂઆત થઈ.
- હેતુ :- લોકોમાં બાળમજૂરી, આર્થિક અને લશ્કરી બંને ક્ષેત્રે વિરુદ્ધ જાગૃતિ કેળવ્વઈ અને તેને રોકવા પ્રયત્ન કરવો.
- વ્યાપાર અને અર્થતંતર્માં માન્યતાની ભૂમિકાને ઉજાગરા કરવાનો અને તથા પ્રોત્સાહન આપવાનો મુખ્ય ઉદ્દેશ છે.

## ગણેશ દામોદર સાવરકર



કાળા પાણીની સજા પામનાર પ્રથમ કાન્તીવીર ગણેશ દામોદર સાવરકરનો જન્મ તા.૧૩/૬/૧૮૭૯ના રોજ નાસિક જીલ્લાના ભાગૂર ગામમાં થયો હતો. નાની વયે માતાપિતાનું અવસાન થતાં પરિવારની સઘળી જવાબદારી તેમના પર આવી પડી હતી.

આથી તેઓ મનવાંછિત શિક્ષણ મેળવી શક્યા નહોતા. તેઓ કાળા પાણીની સજા પામનાર પ્રથમ કાંતિકારી હતા. રાષ્ટ્રસેવાની અગ્નિદીક્ષા સ્વીકારીને સ્વરાજ

હાંસલ કરવાના ધ્યેયવાળી ‘ અભિનવ ભારત’ સંસ્થામાં તેઓ જોડાયા. ઈ.સ. ૧૯૦૫માં જંગી સરઘસ કાઢીને ‘ વંદે માતરમ’ અને સ્વાતંત્ર્ય લક્ષ્મી કિ જાય’ જેવા સૂત્રો પોકારેલા ત્યારે તેમને જે દંડની સજા થયેલી તે રકમ તેમણે હાઈકોર્ટ સુધી લડીને ઈ.સ. ૧૯૦૬માં પાછી મેળવી ત્યારે જ તેઓ જંપ્યા. ઈ.સ. ૧૯૦૮માં એક મહિનાની સખ્ત કેદની સજા થયેલી. ઈ.સ.૧૯૦૯માં તેઓ પ્રસિદ્ધ ‘ નાસિક ખાટવા’ માં ઝડપાયેલા. ઈંગ્લેન્ડમાં ભણતા તેમના નાનાભાઈ કાંતિકારી વિનાયક સાવરકર તેમેણ શસ્ત્રો મોકલતા હતા. આ ખબર પોલીસને મળતા તેમના ઘરની જડતી લેવામાં આવી પરંતુ કશું હાથ ન આવતાં કવિતાઓ લખવા બદલ કસૂરવાર ઠરાવીને ઈ.સ. ૧૯૦૯માં તેમની સઘળી મિલકત જપ્ત કરી તેમણે કાળા પાણીની સજા કરવામાં આવી. તેઓ પ્રથમ રાષ્ટ્રીય મહાસભા સાથે જોડાયેલા હતા. પરંતુ પાછળથી હિંદુ મહાસભાના સંગઠન પાછળ તેમણે લક્ષ આપ્યું. તેમણે શ્રધ્ધાનંદ સાપ્તાહિક પણ ચાલાવેલું. તેમણે ‘ વીર વેરાગી’, શિવાજી વગેરે ચરિત્રો, નેપાળના આંદોલનોનો ઈતિહાસ આદિ પુસ્તકો અને લેખો લખ્યા હતા. તેમનો સૌથી ચિંતનીય ગ્રંથ તો ‘ રાષ્ટ્રમીમાંસા’ છે. જેમાં એમણે ‘ રાષ્ટ્ર’ શબ્દની ઉત્પત્તિથી માંડીને રાષ્ટ્ર કેવું હોવું જોઈએ તેનું વિશાળ દર્શન કરાવ્યું છે. જીવનભર ભારતમાતાની મુક્તિ માટે ઝઝૂમનાર અને જેલને મહેલ ગણી હસ્તે મુખે કાળા પાણીની સજા ભોગવનાર ગણેશ દામોદર સાવરકર ૧૬મી માર્ચ ૧૯૪૫ના રોજ તેઓ અનન્ય રાષ્ટ્ર પુરૂષ હતા.

## ૧૪ જૂન વિશ્વ રક્તદાતા દિવસ




વિશ્વભરના રક્તદાતાઓ પ્રત્યે આભાર વ્યકત કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

રકતની જરૂરિયાત અને રક્તદાતાઓનું મહત્વ સમજાવવાનો છે. તે ૨૦૦૪થી સમગ્ર વિશ્વમાં આ દિવસની ઉજવણી થાય છે.

- બ્લડ ગ્રૂપના શોધક કાર્લ લેનસ્ટેઈનરનો જન્મ ૧૪ જૂન ૧૮૬૮ના રોજ થયો હોવાથી તેમની યાદમાં વિશ્વ રક્તદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- તેમણે માનવ રક્તકણોના જુથ – બ્લડ ગ્રૂપ શોધવાની દિશામાં તેમણે ૧૯૦૯માં ‘ એ’,‘બી’,‘ એબી’ અને ‘ ઓ’ ગ્રૂપ વર્ગીકરણ કર્યું.
- તેમણે ૧૯૧૭માં સિન્થેટિક એન્ટિગન્સની ૧૯૪૦માં આર.એચ. ફેકટરની શોધ કરી હતી.
- તેમની બ્લડ ગ્રૂપના શોધની કામગીરી માટે ૧૯૩૦માં ફિઝિયોલોજી મેડિસિન ક્ષેત્રનું નોબલ પરિતોષિક એનાયત કરવામાં આવ્યું હતું.
- ઈ.સ. ૧૮૯૧માં આહારની રક્તપેશીઓના બંધારણ પરની અસરો વિષે તેનો શોધ નિબંધ પ્રકાશિત થયો હતો.
- ભારતમાં દર વર્ષે આશરે પાંચ કરોડ બોટલ લોહીની જરૂરિયાત ઊભી થાય છે તેની સામે માત્ર

gnanbhandar.com

૮૦ લાખ બોટલ લોહી રક્તદાતાઓ દ્વારા મળે છે જેનાથી લોહીની અછતને પગલે લોકોના જીવન પર ખતરો ઊભો થાય છે.

- એક વખત રકતદાન કર્યા પછી ત્રણ મહિના પછી રક્તદાતા ફરી વખત આપી શકાય છે.
- ૧૪ જૂન ૨૦૨૦ના દિવસની થીમ 'Safe Blood,SavesLives' અને સ્લોગન " Give Blood And Make The World a Healthier Place" હતું.


## ઠાકોરભાઈ દેસાઇ- ૧૫ જૂન પૂણ્યતિથિ



ગુજરાતના કર્મઠ કુલ નાયક ઠાકોરભાઈ દેસાઈની આજે પૂણ્યતિથી છે. ગુજરાતના વિચારનિષ્ઠ અને કર્મઠ રાજપુરૂષ ઠાકોરભાઈ દેસાઈનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૯૦૩ના રોજ તેમના મોસાળ સુરત જીલ્લાના વેગામ ગામમાં થયો હતો. પિતાનું નામ મણીભાઈ અને માતાનું નામ કાશીબેન હતું. ઠાકોરભાઈએ પ્રાથમિક શિક્ષણ વેગામમાં અને હાઈસ્કૂલ ભરૂચમાં લીધું હતું. ઈ.સ. ૧૯૧૯માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૨૪માં ગુજરાત વિદ્યાપીઠમાં અંગ્રેજી અને સંસ્કૃત વિષય સાથે ભાષા વિશારદ થયેલા. સત્યાગ્રહ આશ્રમ લડતમાં બે વર્ષની કારાવાસની જેલની સજા થઇ હતી. ઈ.સ. ૧૯૫૨ થી ૧૯૭૧ સુધીના વર્ષોમાં ઠાકોરભાઈ અમદાવાદમાં કોંગ્રેસના નિષ્ઠાવાન અને સક્રિય સેવક તરીકે કામગીરી કરી હતી. ઠાકોરભાઈ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠમાં ભાષાના અધ્યાપક તરીકે સેવા આપી અહ્તી. ઈ.સ. ૧૯૪૬માં તેઓ ગૂજરાત વિદ્યાપીઠના નિયામક તરીકે તથા ઈ.સ.૧૯૬૩માં કુલનાયક પદે નિયુક્તિ થઇ જે મૃત્યુ સુધી સેવા આપી હતી.

ઠાકોરભાઈ ગાંધીજીના રચનાત્મક કાર્યના પ્રખર પ્રણેતા હતા. ગુજરાત કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે ઈ.સ.૧૯૫૯માં સર્વાનુમતે ચૂંટાયા હતા તે પછી ઈ.સ.૧૯૬૨ની વિધાનસભા ચૂંટણીમાં ગણદેવી બેઠકમાં ચૂંટાઈ આવ્યા હતા. પંચાયત,ખેતીવાડી અને સહકાર મંત્રી તરીકે સેવાઓ આપી હતી. ગૂજરાત વિદ્યાપીઠની વિવિધ પ્રવૃતિઓનો પ્રસાર-પ્રચારની કામગીરી કરી. તેઓ બચપણથી જ રાષ્ટ્રીય રંગેરંગાયેલ હોવાથી વિવિધ રાષ્ટ્રીય ચળવળ વ મીઠા સત્યાગ્રહ વગેરેમાં ભાગ લઇ જેલવાસ ભોગવ્યો હતો. તેમણે નવજીવન તથા હરીજનપત્રો ના સંપાદકની કામગીરી કરી. રાજકીય ક્ષેત્રે ઉપરાંત લેખનપ્રવૃત્તિ પણ નોંધપાત્ર હતી. તેમણે વિવિધ પુસ્તકોના અનુવાદ ક્ષેત્રે કામગીરી કરી હતી. આ બધા અનુવાદોમાં સર્વશ્રેષ્ઠ અનુવાદ ગીતા પ્રવચનો હતો. ઠાકોરભાઈ વાંચનનો ખૂબ જ શોખ હતો. ૧૫મી જૂન ૧૯૭૧ના દિવસે હ્રદય બંધ પડવાથી તેમનું અવસાન થયું.

## ગુજરાતી કવિ પૂજાલાલ દલવાડી



મહર્ષિ શ્રી અરવિંદના પૂર્ણયોગના સાધના સાથે નિરંતર કાવ્યસાધના કરનાર આધ્યાત્મિક ગુજરાતી કવિ પૂજાલાલનો જન્મ તા. ૧૭/૬/૧૯૦૧ના રોજ પંચમહાલ જિલ્લાના ગોધરામાં થયો હતો. તેમનું મૂળ વતન

ખેડા જીલ્લાનું નાપા ગામ હતું. પિતાનુંનામ રણછોડદાસ દલવાડી હતું. પ્રાથમિક શિક્ષણ ગોધરામાં જ પ્રાપ્ત કર્યું. શ્રી અરવિંદ ના પ્રબળ આકર્ષણથી તેઓ પોંડિચેરી આશ્રમ નિવાસી બન્યા હતા. એમની કવિતા ઉપર બળવંતરાયના પ્રબળ પ્રભાવ જોવા મળે છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ ઈ.સ. ૧૯૩૮માં ' પારિજાત' પ્રકાશિત થયો હતો. ' પ્રભાત ગીત', શ્રી અરવિંદ વંદના' અને ત્યારપછી પણ ' સાવિત્રીપ્રશસ્તિ'માં શ્રી અરવિંદપ્રશસ્તિ ' ના કાવ્યો આપનાર આ કવિએ ' જપમાળા', ' ગીતિકા',' શુભાવરી', ' આરાધિકા', ' મા ભગવતી' ના કાવ્યોનો સંયુક્ત સંચય ' મહાભગવતી' પ્રગટ કર્યો હતો. આ ઉપરાંત બાળકો અને કિશોરકાવ્યો, ' કીશોર્કુંજ', કિશોરકાનન' અને કિશોરકેસરી' જેવા સંગ્રહો આપ્યા .આઠમાં દાયકામાં અધ્યાત્મક અને વિરભાવના મુક્તકો દુહાઓના એમના સંગ્રહો છે. વૈજયંતી થી આરંભી ' દુઃખગાથા ' સુધીના કાવ્યસંગ્રહોમાં રાષ્ટ્રપ્રેમ અને અધ્યાત્મક ભાવની અભિવ્યક્તિ કરી છે. તેમનું અવસાન ૨૭ ડિસેમ્બર ૧૯૮૫ માં થયું હતું.

## ગુજરાતી અભિનેતા પી. ખરસાણી



કલાજગતનો વડલો અને ગુજરાતી રંગભૂમિના પીઢ કોમેડિયન કલાકાર પી. ખરસાણીનો જન્મ તા. ૧૯/૬/૧૯૨૬ના રોજ કલોલના ભાટવાસમાં થયો હતો. નેમનું મૂળ નામ પ્રાણલાલ ખરસાણી હતું. પિતાનું નામ દેવજીભાઈ ખરસાણી અને માતાનું નામ વાલીબા હતું. તેઓ આજીવન પી. ખરસાણી તરીકે ઓળખાતા હતા. પી. ખરસાણી માત્ર ગુજરાતી ફિલ્મો જ નહી પરંતુ નાટકોમાં ય પોતાની અમીટ છાપ મૂકી છે. તેમને ચિત્રકલામાં ખૂબ જ શોખ હતો અને ચિત્રકલા જ તેમને રંગમંચ સુધી દોરી ગઈ હતી. અભિનેતા તરીકે કામ કરતાં પહેલાં રંગભૂમિના પ્રેમથી આકર્ષાઈ મેક-અપ આર્ટીસ્ટ તરીકે કામ કર્યું. આ ઉપરાંત ચાની લારીમાં ,ઓફિસમાં કારકુન, રસોઈયા, દરજીકામ, લાઈટ મંડપ ડીઝાઈન જેવા અનેક કામો કર્યા હતા. ઈ.સ. ૧૯૪૬માં તેમનું પ્રથમ નાટક ' રક્ષાબંધન'માં અભિનય કર્યો. અને એમણે પોતાની એકટર તરીકેની ઓળખ પ્રસ્થાપિત કરી દીધી. ત્યારપછી ક્યારેય પાછું વાળીને જોયું નથી. નાટક જ એમને ફિલ્મો સુધી લઇ ગયું. ગુજરાતી ફિલ્મોના સુવર્ણકાળમાં તેમણે ' વાલો નામોરી', ' નારી તું નારાયણી', ' ગોરલ ગરાસણી', ઘર દીવડી', ' ભાથીજી મહારાજ', ' હાલો ભેરૂ ગામડે' અને ' લાખો ફુલાણી' જેવી અનેક સુપરહીટ ફિલ્મોમાં યાદગાર અભિનય આપ્યો હતો. તેમની વિશિષ્ઠ તળપદી બોલી, સદાય હસતો હસાવતો ચહેરો કોમેડિયન તરીકે ભારે લોકચાહના મેળવી હતી. તેમણે ૧૦૦ થી વધુ નાટકોમાં શો કરેલા તે પછી સ્વતંત્રરીતે પણ ૫૦૦ થી વધુ શો કરેલા. તેમના નાટકો જોવા અમદાવાદની મિલના શેઠિયાઓ ગાડીયોની લાઈન લગાવતા હતા. તેમણે ઈ.સ. ૧૯૫૮ થી ૨૦૦૮ સુધી ફિલ્મો કરી હતી. તેમણે ફિલ્મો અને નાટકોમાં એક સાથે સતત કામ કાર્ય હતું. ગુજરાતી ફિલ્મોમાં શિષ્ટ હાસ્યના યાદગાર પાત્રો આપ્યા હતા. સ્ટેજની તમામ બાબતો વિષે તેમણે જાણકારી જ નહી પણ માસ્ટરી હતી. જયશંકર સુંદરીથી લઈને ઓજસ ઠક્કર સુધી દરેક દિગ્દર્શક સાથે તેમણે કામગીરી કરી હતી. પી. ખરસાણી દાદાજીનો રૂઆબદાર રોલ કરે અને નાટકના અંતમાં દાદાજીનું અવસાન થાય ત્યારે અડધા હોલના પ્રેક્ષકો તો રડતા હોય એ પછી થોડાક લોકો લોકો ખરસાણી દાદાને મળવા આવ્યાને વિનંતી કરી કે આટલું શાનદાર પાત્ર નાટકના અંતમાં મારી જાય છે

તે પ્રેક્ષક તરીકે અમને પસંદ નથી આવતું. એટલે નાટકનો અંત બદલાવો જોઈએ. ત્યારપછી પી.ખરસાણીએ આ અંત બદલી નાખ્યો એ ત્યારપછી નાટકમાં જ્યાં પણ ભજવાયું ત્યાં દાદાજીનું પાત્ર જીવંત જ રાખ્યું. તેમણે હંમેશા સમયની કિંમત સમજતા હતા. તેઓ વટથી કહેતા કે એમને જીંદગીમાં ક્યારેય કોઈનો સમી બગાડ્યો નથી અલબત એમને પોતાના હાસ્યના માધ્યમથી હંમેશા લોકોના સમયને સુધાર્યો ને સંવાર્યો છે. રંગમંચઅને ફિલ્મોમાં કલાની હરતી ફરતી યુનિવર્સિટી સમાન પી. ખરસાણીનું તા. ૨૦મી મે ૨૦૧૬ને શુક્રવારની સાંજે ૫.૧૪ કલાકે અમદાવાદમાં અવસાન થયું.

## ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ

સંસારના તાપથી સંતપ્ત થયેલ મનુષ્ય માટે કેવળ યોગ જ પરમ ઔષધ છે. ગરૂડ પુરાણમાં યોગનો ઇતિહાસ પાંચ હજાર વર્ષ જૂનો છે. અને તે ઋષી પરંપરાથી ચાલતો આવે છે. યોગ વિશ્વને ભારતની સાંસ્કૃતિક ભેટ છે. યોગ શાસ્ત્ર તો મહાસાગર છે. આપના શાસ્ત્રોની બહાર કંઈ જાણવા જેવું નથી અને જે જાણવા જેવું છે તે આપણા શાસ્ત્રોમાં જ છે. આ ખજાનો હોવા છતાં માનસિક શાંતિ અને શારીરિક તંદુરસ્તીની ખોજ માટે આપણે કસ્તુરી મૃગની જેમ ભાર ફાફા મારીએ છીએ. હજારો વર્ષનો યોગ અને આર્યુવેદનો વારસો આપને ધરાવતાં હોવા છતાં આપણને તેનો ગર્વ કે અભિમાન નથી. સાચી ખુશીને અનુભવનો માત્ર એક જ ઉપાય છે- પોતાની ભીતર તરફ વાળવું, યોગનો અર્થ છે- ઉપર નહી, બહાર નહી પરંતુ ભીતર બહાર નીકળવાનો માર્ગ માત્ર અંદરની તરફ છે. યોગનો સાચો અર્થ છે, ‘ જે જોડે તે યોગ .’ આજની હાડમારી જીદંગીમાં માણસને તનાવ મુક્ત થવાની જરૂર છે. આજકાલ માણસ સતત તન અનુભવે છે અને માનસિક તાણનાં કારણે અનેક નવા રોગોને સામેથી નોતરે છે આ તમામ અનિચ્છનીય પરિસ્થિતિમાંથી બહાર લાવી સાચું નિરામય જીવન પ્રાપ્ત કવાનો એક માત્ર ઉપાય એ ‘ યોગ’ છે. યોગ ભગાવે રોગ – દરેક રોગ માટેના અલગ અલગ આસનો અને અલગ અલગ પધ્ધતિ અપનાવવાથી રોગમાંથી રાહત થાય છે. યોગ તન અને મનને સ્વસ્થ બનાવે છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમેરિકાની મુલાકાત દરમ્યાન અમેરિકન પ્રમુખ ઓબામાને ભારતીય યોગની વૈજ્ઞાનિકતા અને માનવકલ્યાણ કરવાની તેમાં છૂપાયેલી શક્તિ અને ક્ષમતાને યોગને વિશ્વ ફલક પર માન્યતા પ્રાપ્ત કરવાની દરખાસ્ત કરી હતી. સંયુક્ત રાષ્ટ્રના ૨૧૦ દેશોમાંથી પચાસ મુસ્લિમ દેશો સહિત ૧૭૭ રાષ્ટ્રોએ યોગને વૈશ્વિક સ્વીકૃતિ મળતાં ૧૧ ડિસેમ્બરનાં દિવસે સંયુક્ત રાષ્ટ્રે ૨૧મી જુનને ‘ વિશ્વ યોગ દિવસ ‘ તરીકે સ્વીકૃતિ મળી. જે આપણા રાષ્ટ્ર માટે ગૌરવની વાત છે.આ દિવસની ઉજવણીનું પ્રથમ વર્ષ ૨૦૧૫માં લગભગ ૧૯૨થી વધારે દેશોએ ‘ વિશ્વ યોગ દિવસ’ મનાવવા લાખો લોકોએ સામૂહિક આસન કર્યા હતા.

## ૨૩ જૂન ઇન્ટરનેટના જનક વિન્ટન જી. સર્ફ



ઈન્ટરનેટના જનક તરીકે ઓળખાતા એવા અમેરિકન કોમ્પ્યુટર વૈજ્ઞાનિક વિન્ટન

જી.સર્ફનો જન્મ તા. ૨૩/૬/૧૯૪૩ના રોજ ન્યુહેવનમાં આવેલ એક શહેરમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ વેનન્યૂઝહાઈસ્કૂલમાં મેળવ્યું હતું. ઈ.સ.૧૯૬૫માં ઈન્ટરનેટ એન્જી.ટાસ્કફોર્સમાં ગણિતના વિષય સાથે બી.એસ.સી. પાસ કર્યું. ઈ.સ. ૧૯૬૭માં ઇસમ કંપનીમાં નોકરી મળી. આ ઉપરાંત ઉચ્લા માં કોમ્પ્યુટર સાયન્સ પ્રોગ્રામમાં કામગીરી કરી. ઈ.સ.૧૯૭૦માં એમ.એસ.સી. તથા ઈ.સ. ૧૯૭૨માં પી.એચ.ડી થયા. ઈન્ટરનેટની શોધ કરનાર આર્યાનેટ પ્રોજેક્ટમાં તેમણે કામ કર્યું. ઈ.સ.૧૯૭૨માં સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં કોમ્પ્યુટરના પ્રોફેસર થયા. ઈ.સ. ૧૯૮૬માં કોર્પોરેશન નેશનલ રિસર્ચમાં જોડાયા. ઈ.સ. ૧૯૯૪માં ઈન્ટરનેટ આર્કિટેક્ચરમાં વાઈસ પ્રેસીડન્સી તરીકે સેવા આપી. ૮ સપ્ટેમ્બર ૨૦૦૫માં સર્ફની સેવાઓ માટે ગુગલ કોર્પોરેશનમાં વાઈસ પ્રેસીડન્સ એન્ડ ચીફ ઈન્ટરનેટ ઇવાજેલીસ્ટ તરીકે નિમણૂંક થઇ. એમસીઆઈ ડીજીટલ સર્વિસીસના વર્ષ ૧૯૮૨-૮૩ના ગાળા દરમિયાન વાઈસ પ્રેસિડેન્ટ તરીકે કામ કરતાં તેમણે એમસીઆઈ મેઈલની ઈજનેરી કળા વિકસાવી હતી. આ ઈન્ટરનેટ સાથે સર્વપ્રથમ જોડાણ સાધનારી વેપારી ઈ-મેઈલ સેવા હતી. વર્ષ- ૧૯૭૬થી ૮૨ દરમિયાન અમેરિકી સરકારના સંરક્ષણ વિભાગની એડવાન્સ રીસર્ચ પ્રોજેક્ટ્સ એજન્સીમાં કામ કરતાં સર્ફે ઈન્ટરનેટને વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવી સાથે જ ઈન્ટરનેટ સંબધિત પેકેટ ડેટા ડાટા તથા સિક્યોરીટી ટેકનોલોજીને વિકસાવવામાં પણ તેમનું યોગદાન મહત્વનું રહ્યું. સર્ફને સ્વિઝરલેન્ડ, સ્પેન,સ્વીડન તથા નેધરલેંડઝ જેવા અનેક દેશોએ ડોકટરેટની પદવી આપી છે. ૮ માર્ચ ૨૦૦૨થી બલ્ગેરિયા રાષ્ટ્રપ્રમુખના આઈ.ટી એન્ડવાઇઝરના પ્રમુખ છે. આ ઉપરાંત એન્ડવાઇઝર બોર્ડ ઓફ યુંરેસીયા ગૃપના સલાહકાર સમિતિના સભ્ય છે. તેમને આંતરાષ્ટ્રીય ક્ષેત્રે અનેક એવોર્ડ એનાયત થયેલ છે. ઈ.સ. ૧૯૯૪માં એશોસીએશન ઓફ કોમ્પ્યુટીગ મશીનરી શિષ્યવૃત્તિ આપી હતી. ઈ.સ.૧૯૯૭માં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ કિલન્ટને સર્ફ અને સાથી રોબર્ટ કાનને યુ.એસ. નેશનલ મેડલ ઓફ ટેક્નોલોજોથી નવાજ્યા હતા. કોમ્પ્યુટર વિજ્ઞાનનું નોબલ પારિતોષિક ગણાતો એસીએમ એલન એમ તુરીંગ એવોર્ડ પણ સર્ફ અને કાનનને એનાયત થયેલ છે. વર્ષ ૨૦૦૪માં ઈન્ટરનેટ પ્રોટોકોલ માટે આ એવોર્ડ તેમને અપાયો હતો. વર્ષ ૨૦૦૫માં રાષ્ટ્રપ્રમુખ જ્યોર્જ ડબલ્યુ બુશે પણ સર્ફ અને કાનને તેમની કામગીરી બિરદાવતાં પ્રેસિડેન્સીયલ મેડલ ફોર ફ્રીડમ એનાયત કર્યો. આ એવોર્ડ અમેરિકી નાગરિકોને અપાતો સૌથી ઉચ્ચ એવોર્ડ છે.

## ગુજરાતી હાસ્ય કલાકાર રમેશ મહેતા




ગુજરાતી ચલચિત્ર જગતના એક જાણીતા હાસ્ય કલાકારહતા.તેમનોજન્મ તા.૨૩/૬/૧૯૩૪નારોજ નવાગામમાં થયો હતો. પિતાનું નામ ગિરધરલાલ ભીમજી મહેતા અને માતાનું નામ મુક્તાબેન હતું. નાનપણથી જ નાટકોનું લેખન અને અભિનયનો શોખ હતો.અમદાવાદના ભારતભૂષણ થિયેટરમાં છ મહિના નોકરી કરી ત્યારપછી રાજકોટમાં પીડબલ્યૂડીમાં મહિનાના પાંસઠ રૂપિયાના પગારે વંથલી સાઈટ પર કામ કર્યું અને ડેરી વ્યવસાય કરવાની પણ કોશિશ કરી. ઈ.સ. ૧૯૪૯માં વિજયાબહેન સાથે લગ્ન કર્યા ત્યાર બાદ મુંબઈની કેસી કોલેજમાં એક વર્ષ માટે નાટ્યકલાનો અભ્યાસ કર્યો. અહીં તેઓ મેકઅપ, સ્ટેજક્રાફ્ટ, એક્ટીંગ, ડીરેક્શન, લાઈટીંગ, સ્પીચ આર્ટ જેવા ગુણો શીખ્યા. આ પછી તેમણે નાટકો લખવાના

gnanbhandar.com

શરૂ કર્યા. આ સમયગાળા દરમ્યાન તેઓ અરવિંદ પંડ્યાનાં સંપર્કમાં આવ્યા અને યોગાનૂયોગે તેમનાં દ્વારા ગુજરાતી ચલચિત્ર "હસ્ત મેળાપ"ની કથા લખવાનું બન્યું. તેમનાં દ્વારા લખાયેલું આ પ્રથમ ગુજરાતી ચલચિત્ર છે. આ પછી તો તેમણે ચલચિત્રોની કથા, સંવાદ લખતાં લખતાં અભિનય પર પણ ધ્યાન આપ્યું. મોટાભાગે પોતાનું પાત્રાલેખન અને સંવાદો એ જાતે જ લખતા હતા. તેઓ અનેક ગુજરાતી ચલચિત્રોમાં સહાયક ભુમિકાઓમાં કામ કરી ચૂક્યા હતા. તેમણે 'ગાજરની પિપૂડી' નામના ગુજરાતી ચલચિત્રમાં મુખ્ય ભુમિકા પણ નિભાવી હતી. આ ઉપરાંત ' જેસલતોરલ', 'હોથલ પદમણી', 'મેના ગુજરી', 'સોન સંસારી', ' સંતુ રંગીલી', ' મણિયારો', 'ઢોલામારૂ', 'હિરણને કાંઠે', જેવી અનેક લોકપ્રિય ગુજરાતી ફિલ્મમાં અભિનય કર્યો છે. ૧૧ મે ૨૦૧૨ના રોજ રાજકોટમાં તેમનું અવસાન થયું.

## પંડિત ઓમકારનાથ ઠાકુર




ભારતીય શાસ્ત્રીય સંગીતના મહાન જ્યોતિધર પંડિત ઓમકારનાથ ઠાકુરનો જન્મ તા. ૨૪/૬/૧૮૯૭ના રોજ ખેડા જીલ્લાના જહાજ નામના એક નાનકડા ગામમાં થયો હતો. તેમના પિતા ગૌરીશંકર ઠાકુર વડોદરા રાજ્યમાં કારકૂન તરીકે સરકારી નોકરી કરતા હતા. માતાનું નામ ઝવેરીબા હતું. તેમના પિતા ૐકાર મંત્રના સાધક હતા. ઓમકારનું બાળપણ ગરીબી અને સંઘર્ષ વચ્ચે શરૂ થયું હતું. બચપણથી જ સંગીતનો ખૂબ જ શોખ હતો. ભરૂચના એક શ્રીમંત પારસી એ મુંબઈમાં પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર પાસે શિક્ષણ માટે આર્થિક સહાય કરી હતી. તેઓ ગુરુ પાસે સાતેક વર્ષ મુંબઈમાં રહીને સંગીતની સાધના કરી. પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરએ લાહોર ખાતેની ગાંધર્વ સંગીત વિદ્યાલયના આચાર્યપદે તેમની નિમણૂંક કરી. ત્યાં ત્રણેક વર્ષ રહી વિદ્યાલયના કુલગુરૂ બન્યા. નર્મદાકાંઠે ઝૂંપડીમાં રહીને અંબુભાઈ પુરાણી સાથે તેમણે સાધના કરી. ભરૂચમાં તેમણે ' ગાંધર્વ નિકેતન' નામની એક સંગીત સંસ્થાની સ્થાપના કરી. ઈ.સ.૧૯૨૨માં ઇન્દીરાબેન ભટ્ટ સાથે લગ્ન કર્યા. દેશભરમાં જ્યાં પણ સંગીત સંમેલનો ભરાય ત્યાં તેમણે આદરપૂર્વક આમંત્રણ મળતા હતા. ઈ.સ. ૧૯૩૩માં ફ્લોરેન્સમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સંગીત પરિષદમાં તેમણે ભાગ લીધો અને ભારતીય સંગીતની ખ્યાતી વધારી હતી. તેમણે જર્મની, હોલેન્ડ, ઇટાલી , ઇંગ્લેન્ડ, ફ્રાંસ, સ્વિઝરલેન્ડ જેવા અનેક દેશોના પ્રવાસ કર્યો. ઈ.સ. ૧૯૩૩માં એક પ્રવાસ દરમ્યાન પ્રસુતિમાં પત્ની અને બાળકનું અવસાન થતાં તેઓ ખૂબ જ વ્યથિત થયા ત્યારપછી તેઓ ભરૂચ છોડી મુંબઈમાં વસવાટ કર્યો.

તેમનો કંઠ બુલંદ છતાં કર્ણપ્રિય હતો. પંડિતજીનું ગાયકીનું ઘરાણું મશહૂર ગાયક હદ્દુખા હસનખાનનું હતું. તેઓ ધ્રુવપદ અને ઠૂમરીનું સફળ નિદર્શન કરી શકતા હતા. ઈ.સ.૧૯૩૮માં તેઓ કરાંચી ખાતે ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સંગીત વિભાગના અધ્યક્ષ બન્યા હતા. ઈ.સ. ૧૯૪૩માં શ્રી રણજીતરામ સુવર્ણચંદ્રકઆપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશ્વ શાંતિ પરિષદમાં તેમણે પ્રસ્તુત કરેલું ' વંદે માતરમ્' ગીત શ્રોતાઓની અપ્રિતમ લોકચાહના મેળવી હતી. ઈ.સ.૧૯૫૦માં બુડાપેસ્ટ ખાતે મળેલી વિશ્વ વિદ્યાલયમાં સંગીત વિભાગના અધ્યક્ષ તરીકે સેવા આપી ત્યારપછી તેઓ ' કલા સંગીતભારતી' નામે અકાદમીની સ્થાપના કરી તેમણે અનેક પુસ્તકો જેવા કે ' રાગ અને રસ', સંગીતાજલિ'


અને પ્રણવભારતી' લખ્યા છે. ઈ.સ. ૧૯૫૫માં ભારત સરકારે ' પદ્મશ્રી 'નો ખિતાબ આપી સન્માનિત કર્યા છે. ઈ.સ. ૧૯૬૩ માંસંગીત નાટ્ય અકાદમીએ સન્માનિત કર્યા હતા. ઈ.સ. ૧૯૬૩માં હિંદુ વિશ્વ વિદ્યાલય, વારાણસી તરફથી તેમને ' ડોક્ટર ઓફ લેટર્સ' ની પદવી મળી હતી. સંગીતસમ્રાટ'ની પદવીથી સન્માનિત પંડિત ઓમકારનાથજીનું અવસાન ૨૯ ડીસેમ્બર ૧૯૬૭ના રોજ થયું હતું.

## બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય



દેશપ્રેમ તથા દેશભક્તિનો પાનો ચડાવનાર અને ' વંદે માતરમ્ ' ગીતના રચયિતા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનો જન્મ તા.૨૫/૬/૧૮૩૮ ના રોજ બંગાળના કોલકતા પાસે આવેલા કાન્તાલપુરાગામમાં થયો હતો. તેમના પિતા યાદવાચંદ્ર ચટ્ટોપાધ્યાય ડેપ્યુટી કલેકટર હતા. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય નાનપણથી જ તેજસ્વી બુદ્ધિપ્રતિભા ધરાવતા હતા. ભણવામાં ખૂબ જ હોંશિયાર હતા.તેમણે શાળાનું શિક્ષણ મિડના પોરમાં પૂરું કર્યું.ત્યારબાદ વધુ અભ્યાસ માટે તેઓ હુગલી કોલેજમાં જોડાયા હતા. પોતાના કોલેજકાળ દરમિયાન તેમણે કવિતાઓ લખવાનું પણ શરૂ કર્યું હતું. તેમની કવિતાઓ તથા તેઓ બંગાળીના જાણીતા સામયિકોમાં પ્રકાશિત થવા લાગ્યા હતા. ત્યારબાદ કલકત્તાની સુપ્રસિદ્ધ પ્રેસિડેન્સી કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કરી તેઓ ઈ.સ. ૧૮૫૮માં કલકત્તા યુનિવર્સિટીના પ્રથમ સ્નાતક ની ડીગ્રી પ્રથમ વર્ગ સાથે પાસ કરી હતી.ત્યારબાદ તેમણે કાયદાશાસ્ત્રનો અભ્યાસ કરી બી.એલ.ની પરીક્ષા પાસ કરી હતી. તેઓ જૈસોરના ડેપ્યુટી મેજીસ્ટ્રેટ અને કલેકટર તરીકે નિમણુંક થઇ હતી. ઈ.સ. ૧૮૭૨માં ' બંગ દર્શન' નામનું પત્ર શરૂ કર્યું હતું.સરકારી નોકરીને કારણે વારંવાર બદલીઓ થતી રહેતી તે દરમિયાન તેઓ દીનબંધુ મિત્ર નામના એક મોટા નાટ્યકારના પરિચયમાં આવ્યા હતા.આ વર્ષો દરમિયાન તેઓ નિરંતર લખતા રહ્યા. ઈ.સ. ૧૮૬૫માં 'દુર્ગેશ નંદિની' નામની સૌપ્રથમ નવલકથા પ્રકાશિત કરી હતી. ત્યારપછી ' કૃષ્ણકાન્તેર વીણ' વાસ્તવિક નવલકથા છે. ધર્મની સાથે સ્વદેશપ્રેમ ને તેમણે પોતાની કૃતિઓમાં વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. ' આનંદમઠ'માં સ્વદેશપ્રેમથી રંગાયેલ એક બળવાખોર સાધુતાની કથા છે. ' વંદે માતરમ' ગીત પણ આ નવલકથાનું સૌથી મોટું નજરાણું છે. ભારતની આઝાદીની લડત વખતે આ ગીત રાષ્ટ્રીય સૂત્ર રૂપે ખૂબ જ પ્રચલિત બન્યું હતું. ભારતીય ભાષાઓમાં સહુપ્રથમ બંગાળીમાં બંકિમબાબુએ ' નવલકથા' લખી ' નવલકથાના જનક' તરીકે બહુમાન પ્રાપ્ત કર્યું હતું. ઉચ્ચ આદર્શોની સાથે સામાજિક તથા નૈતિક મૂલ્યોની પુન:પ્રતિષ્ઠા કરતાં રહીને આઠમી એપ્રિલ ૧૮૯૪ના રોજ અવસાન થયું.

## ગુજરાતી સાહિત્યકાર જયભિખ્ખુ




ગુજરાતી સાહિત્યમાં ' જયભિખ્ખુ' નામે સાહિત્ય સર્જન કરનાર બાલાભાઈ દેસાઈનો જન્મ તા. ૨૬/૬/૧૯૦૮ના રોજ રાજકોટના વિંછીયા ગામમાં થયો હતો. પિતાનું નામ વીરચંદભાઈ અને માતાનું નામ પાર્વતીબહેન હતું. તેમનું મૂળ વતન સાયલા હતું. શાળાકીય શિક્ષણ ઉત્તર ગુજરાતના વિજાપુર પાસે આવેલ વરસોડામાં મેળવ્યું હતું. ત્યારપછી અમદાવાદ, બોટાદ વગેરે સ્થળોએથી પ્રાપ્ત કર્યું હતું. તેમેણ ગ્વાલિયરના બીજાપુર પાસેની સંસ્થામાં સંસ્કૃત ન્યાયશાસ્ત્ર, આગમનો અભ્યાસ, દર્શનશાસ્ત્ર અને

gnanbhandar.com

કાવ્યશાસ્ત્રનો અભ્યાસ કર્યો. ઈ.સ. ૧૯૩૦માં વિજયાબહેન સાથે લગ્ન કર્યા. અને ઈ.સ. ૧૯૩૩માં અમદાવાદમાં સ્થાયી થયા. તેમનું શરૂઆતનું ઉપનામ ‘ ભિક્ષુ સાયલાકર’ અને ત્યારપછી ‘ જયભિખ્ખુ’ રાખ્યું હતું. કોલકાતા સંસ્કૃત એસોસિયેશન દ્વારા લેવાતી પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ ‘ ન્યાયતીર્થ’ અને શિવપુરી ગુરુકુળની ‘ તર્કભૂષણ’ ની પદવી પણ મેળવી હતી.

તેમણે પોતાની કારકીર્દીની શરૂઆત પત્રકારત્વથી કરી હતી. ‘ ગુજરાત સમાચાર’માં ઈ.સ. ૧૯૫૩ થી ‘ ઈંટ અને ઈમારત’ કોલમ દર ગુરુવારે શરુ થઇ હતી જે ખૂબ જ લોકપ્રાય બની હતી. ‘ મુનીન્દ્ર’ ઉપનામથી લખેલ ‘ જાણ્યું છતાં અજાણ્યું’ કોલમ પણ લોકપ્રિય થઇ હતી. તેમના લખાણો સાત્વિક અને પ્રેરણાદાયી હતા. તેમણે સર્વપ્રથમ ઈ.સ. ૧૯૫૩માં ‘ ભાગ્યવિધાતા’ પ્રગટ કરી ત્યારપછી ‘ કામવિજેતા’, ‘ ભગવાન ઋષભદેવ’, ‘ વિક્રમાદિત્ય હેમુ’, ‘ ભાગ્યનિર્માણ’ વગેરે કુલ સત્તર જેટલી નવલકથાઓ આપી છે. જન ધર્મકથાસાહિત્યમાંથી વસ્તુ લઈને સર્વભોગ્ય નવલકથા લખનાર જયભિખ્ખુ કદાચ પ્રથમ ગુજરાતી લેખક હતા. આ ઉપરાંત તેમણે ‘ઉપવન’, ‘ માદરે વતન’, ‘ પારકા ઘરની લક્ષ્મી’, કંચન અને કામિની’, ‘ કન્યાદાન’, ‘શૂળી પર સેજ હમારી’ જેવી ગુજરાતી વાર્તાસંગ્રહો આપ્યા છે. આ વાર્તાસંગ્રહોમાં સમાજજીવનના અનેક પાસાંઓને વિષય બનાવ્યો છે. જય્ભીખ્ખુએ નાટક અને બાળસાહિત્ય ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. બાળકોમાં સાચી જીવનદ્રષ્ટી ખીલે તેવું સાહિત્ય તેમણે આપ્યું છે. તેમણે બાળસાહિત્યમાં ‘ વિદ્યાર્થી વાચનમાળા’ પુસ્તિકાઓ આપી છે. આઉપરાંત ‘ રત્નનો દાબડો’, હીરાની ખાણ’, ‘ નીલમનો બાગ’, ‘ આંબે આવ્યો મોર’, ‘ બાર હાથનું ચીભડું’, ‘ લાખેણી વાતો’ જેવા અનેક પુસ્તકો આપ્યા છે. ગુજરાત સરકાર દ્વારા એમના સાહિત્યસર્જન માટે અનેક પુરસ્કાર આપેલ છે. ઈ.સ. ૧૯૪૮માં ‘કુમાર ચંદ્રક’તથા ઈ.સ.૧૯૫૭માં શ્રી અધ્યાત્મક જ્ઞાન પ્રસારક મંડળ તરફથી સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. બહુમુખી પ્રતિભા ધરાવનાર જયભિખ્ખુ ૨૪ ડીસેમ્બર ૧૯૬૯માં અમદાવાદમાં અવસાન થયું. પ્રજાને જ્ઞાન સાથે સાહિત્ય મળે તે હેતુથી જાણીતા જાદુગર કે.લાલની પ્રેરણાથી ‘ જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ’ની સ્થાપના કરવામાં આવી. ઈ.સ.૨૦૦૯માં આ ટ્રસ્ટ દ્વારા ગુજરાતમાં જયભિખ્ખુ જન્મશતાબ્દીની ઉજવણી કરવામાં આવી હતી.

## ગુજરાતી સાહિત્યકાર ડૉ. ધીરૂભાઈ ઠાકર




ગુજરાતી સાહિત્યના અગ્રણી વિવેચક, સંશોધક, અનુવાદક તથા ગુજરાતી વિશ્વકોશ ના મુખ્ય સૂત્રધાર ધીરુભાઈ ઠાકરનો જન્મ તા. ૨૭/૬/૧૯૧૮ના રોજ વિરમગામમાં થયો હતો. પિતાનું નામ પ્રેમશંકરભાઈ જેઓ તલાટી હતા અને માતાનું નામ ગોમતીબહેન હતું. પ્રાથમિક શિક્ષણ ચાણસ્મા અને સિદ્ધપુરમાં પ્રાપ્ત કર્યું હતું. ઈ.સ. ૧૯૩૯માં ગુજરાતી –સંસ્કૃત વિષય સાથે બી.એ અને ઈ.સ. ૧૯૪૧માં એમ.એ થયા હતા. ઈ.સ. ૧૯૪૦થી અધ્યાપનની કામગીરીની શરૂઆત કરી હતી. તેમનું અધ્યાપન કાર્યક્ષેત્ર મુંબઈ, અમદાવાદ અને મોડાસા રહ્યું હતું. તેમણે ઈ.સ. ૧૯૮૫માં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના કરી અને અનેક સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃતિઓ કરી હતી. આ ટ્રસ્ટના આશ્રયે ઈ.સ. ૧૯૮૫ થી ૨૦૧૦ દરમિયાન ‘ ગુજરાતી વિશ્વકોશ’ના મુખ્ય સંપાદક તરીકે કામગીરી કરી હતી. અનેક વિદ્વાનોની મદદથી

લગભગ ૧૦૦૦ પાનાંનોએક અને ૨૫ ભાગ તૈયાર કરાવ્યા અને પ્રકાશિત કર્યા. ' ગુજરાતી વિશ્વકોશ' એ ગુજરાત અને ગુજરાતી ભાષા સાહિત્ય માટે ગૌરવશાળી ઐતિહાસિક ઘટના છે. તેઓ અધ્યાપનકાર્યથી સાથે સાંસ્કૃતિક પ્રવૃતિઓ સાથે પણ સંકળાયેલ હતા. ઈ.સ.૧૯૫૬ થી ૧૯૭૧ દરમિયાન લલિતકલા વિદ્યાશાખાના સભ્ય રહીને અધ્યાપકો તથા વિદ્યાર્થીઓને નાટ્ય તાલીમ પણ આપતાં હતા.


ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૬૬ દરમિયાન 'ગુજરાત સમાચાર' દૈનિકપત્રમાં 'સ્વયસાચી'નાં નામે તેઓ ' સાહિત્ય અને સંસ્કાર' નામે કટારલેખન કરતા હતા. તેમનું વિપુલ અને સત્વશીલ સંશોધન- સંપાદન અને વિવેચનના કાર્ય સંદર્ભે ગુજરાત સાહિત્ય સભા તરફથી તેમને ઈ.સ.૧૯૯૪માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. આ ઉપરાંત ઈ.સ. ૧૯૯૮માં વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા પુરસ્કાર, ઈ.સ. ૧૯૯૮માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર અને વિદ્યાવિકાસ ટ્રસ્ટ દ્વારા સારસ્વત પુરસ્કાર એનાયત થયેલ છે. ઈ.સ.૨૦૦૮માં સ્વામી સચ્ચિદાનંદજીટ્રસ્ટ દ્વારા પુરસ્કાર એનાયત થયેલ છે.

## ગુજરાતી ભજનિક નારાયણ સ્વામી



ગુજરાતી ભજનના એક ખૂબ જ લોકપ્રિય ગાયક નારાયણ સ્વામીનો જન્મ ૨૯ જૂન ૧૯૩૮ ના રોજ રાજકોટમાં થયો હતો. તેમનું મૂળ નામ શક્તિદાન મહિદાન લાંગાવદરા હતું. નારાયણ સ્વામીએ સંસારમાંથી સંન્યાસ લઈ થોડો સમય શ્રે પરબવાળા હનુમાન મંદિરે વિતાવી કચ્છ જિલ્લાના માંડવી ખાતે આવેલ ગૌશાળા ખોલી, બીમાર, વૃદ્ધ અને અશક્ત ગાયોની ચાકરી અને જાળવણી કરતાં હતા. વેરાવળ પાસેના શાપર પાસેના હનુમાન મંદિરે તેમણે સ્થાપેલી ભજન મંડળી આજે પણ તેમની સ્મૃતિમાં ભજન મંડળી દર શનિવારે ભજન કાર્યક્રમ યોજે છે. તેઓ ૧૯૭૦-૯૦ના દાયકાના ગુજરાતી ભજનોના જાણીતા ગાયક હતા. લોકગીતો, લોકવાર્તા અને ભજનોના લોકડાયરાના કાર્યક્રમો ભારત સહિત વિદેશોમાં થયા હતા. તેઓ દાસી જીવન, મીરાબાઈ, કબીરજી, ગંગાસતી અને નરસિંહ મહેતા જેવા સાહિત્યકારોએ રચેલા ભજનો ગાવા માટે જાણીતા હતા. ' શંભુ શરણે પડી, માંગુ ઘડી રે ઘડી, કષ્ટ કાપો, દયા કરી શિવ દર્શન આપો" – લોકપ્રિય ભજનના ગાયક નારાયણ સ્વામી ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૦ ના રોજ અવસાન થયું.

## સર આસુતોષ મુખરજી




ભારતીય રાષ્ટ્રભાવનાની સુભગ સમન્વય શિક્ષણ ક્ષેત્રે સાધનાર ભારતના મહાન શિક્ષણશાસ્ત્રી અને બંગાળના ટાઈગર તરીકે ઓળખાતા સર આસુતોષ મુખરજીનો જન્મ તા. ૨૯/૬/૧૮૬૪ના રોજ કલકત્તામાં થયો હતો. તેમના પિતા કલકત્તાની યુનિવર્સિટીના ઔષધીયવિજ્ઞાન અને વિનયન વિદ્યાશાખાના પ્રથમ સ્નાતક હતા. આસુતોષને જ્ઞાનની અપૂર્વ ભૂખ અને વાચનનો ભારે શોખ હતો. તેમણે ખાનગી પુસ્તકાલયમાં કળા,સાહિત્ય,ગણિત, વિજ્ઞાન, ભાષા અને કાનૂન વગેરેના પુસ્તકોનો વિશાળ ગ્રંથો હતા. ગણિત તેમનો પ્રિય અને સંશોધનનો વિષય હતો અને એમાં તેમણે મૌલિક પ્રદાન કર્યું. તેઓ કલકત્તા

યુનિવર્સિટીના ફેલો તરીકે ચૂંટાયા હતા. તેઓ જાહેર જીવનમાં પણ જંપલાવ્યું. કલકત્તા કોર્પોરેશન, બંગાળના ધારાસભા અને કેન્દ્રીય ધારાસભામાં તેઓ ક્રમશઃ સભ્યપદે ચૂંટાયા હતા. તેમના અનોખા વ્યક્તિત્વથી ઘણી સામાજિક અને રાજકીય સંસ્થાઓ સાથે જોડાયેલ હતા. કાયદાકીય અભ્યાસ પૂર્ણ કરી ધારાશાસ્ત્રના નિષ્ણાત બની ચૂક્યા. ' ડોક્ટરેટ ઓફ લોઝ'ની ઉપાધી મેળવી કલકત્તાની અદાલતમાં ન્યાયમૂર્તિ તરીકે પસંદગી થઇ. અંગ્રેજ શાસકોએ એક ભારતીયને આપેલ આ હોદ્દો અને સન્માન ખૂબ જ પ્રશંસનીય ગણી શકાય. બ્રિટીશ સરકારે તેમને'સર'નો ઈલ્કાબ આપી નવાજ્યા હતા. ઈ.સ. ૧૯૨૪માં તેમનું અવસાન થયું. આજે તેમના જન્મદિને તેમણે જીવનમાં આચરેલી સાદગી, જ્ઞાનપિપાસા, કઠોર પરિશ્રમ, ધ્યેયનિષ્ઠા અને લગનને જીવનમાં ઉતારી કૃતાર્થ થઈએ.

## પ્રો.સી.એન.આર.રાવ



માર્સ મિશનમાં પાયાની ભૂમિકા ભજવનાર પ્રો. સી.એન.આર.રાવનો જન્મ તા. ૩૦/૬/૧૯૩૪માં બેંગાલુરૂમાં થયો હતો. તેમનું આખું નામ પ્રો. ચિંતામણી નાગેયા રામચંદ્ર રાવ હતું. ઈ.સ.૧૯૫૧માં મૈસુર યુનિવર્સિટીમાંથી બી.એસ.સી.ની ડીગ્રી મેળવી હતી ત્યારબાદ તેઓ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં એમ.એસ.સી.ની ડીગ્રી મેળવી હતી. ઈ.સ.૧૯૫૮માં યુંર્ડુ યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી.ની ઉપાધી મેળવી હતી. ઈ.સ. ૧૯૬૩માંઆઈ.આઈ.ટી. કાનપુરમાં જોડાયા હતા. પોતાની કુશળ બુદ્ધિપ્રતિભાના બળે તથા વૈજ્ઞાનિક વિશ્વમાં અવનવા અભિગમથી પોતાની નવીન ઓળખ વિજ્ઞાન વિશ્વમાં ઉભી કરવામાં સફળતા મેળવી છે. તેમણે સોલીડ સ્ટેટ એન્ડ સ્ટ્રકચરલ કેમેસ્ત્રીની અંદર ઘણું ખરું કાર્ય કરેલ છે. તેમ જ તેમાં તેઓ જોડાયેલાં છે. તેમણે ઇન્ડેક્સ વૈજ્ઞાનિકોની હરોળમાં સ્થાન મેળવ્યું છે. તેમણે ૧૫૦૦ થી વધારે સંશોધન પેપર તથા ૪૫ જેટલા પુસ્તકો લખ્યા છે. રાવે પોતાનું પ્રથમ સંશોધન પેપર માત્ર ૧૯ વર્ષની નાની વયે રજુ કર્યું હતું. આ પરથી તેમની સંશોધન વિષય પ્રત્યેની તાલાવેલી અને ઉત્સાહસભર તરવરાટ જોઈ શકાય છે.હાલમાં તેઓએ ભારતસરકારને સંશોધન તથા આઈ.ટી ક્ષેત્રમાં વધારે ને વધારે ભંડોળ ઊભું કરવાની હિમાયત કરી હતી. વિજ્ઞાન વિશ્વના વર્તમાન મહારથી સી.એ.આર.રાવ પોતાના બહોળા અનુભવ અને આગવી સૈદ્ધાંતિક સૂઝ વડે જે કંઈ પણ વિજ્ઞાન જગતને પ્રદાન કર્યું છે.તે યુવાનોથી લઈને ભારત તથા વિશ્વના લોક્સ્મુદાયને તેનો નોંધ લીધી છે. ભારતનો સર્વશ્રેષ્ઠ ખિતાબ માટે પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત અનેક ખિતાબ એનાયત થયેલ છે. જેમાં ઈ.સ.૨૦૧૦માં રસાયણશાસ્ત્રમાં એડીલિટલ લેકચરર મેચ્યુએટસ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ખિતાબ એનાયત થયો હતો. તેમણે ૬૦ થી વધારે યુનિવર્સિટીઓની ડોકટરેટની પદવી મેળવી હતી. તેમણે દેશના સમગ્ર વિજ્ઞાન વિકાસમાં અસાધારણ ફાળો રહ્યો છે.